# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-01-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

******************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજકોટમાં વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદનો પ્રારંભ કરાવતાં કહ્યું કે વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે પણ દેશમાં સ્થિરતાનું વાતાવરણ છે.
2. પ્રધાનમંત્રીએ સોમનાથમાં જાહેરસભામાં નાગરિકોને દેશને વિભાજીત કરવાનું કાવતરું ઘડનારા તમામ પરિબળોને હરાવવા હાકલ કરી.
3. પ્રધાનમંત્રીએ સોમનાથમાં યોજાયેલી શૌર્ય યાત્રાનું નેતૃત્વ કર્યું – શ્રી મોદીએ અમદાવાદ ગાંધીનગર મેટ્રો ફેઝ-2 નો શુભારંભ કરાવ્યો.
4. ગૃહમંત્રી અમિત શાહે કેરળના તિરુવનંતપુરમમાં આગામી વિધાનસભા ચૂંટણી માટે "મિશન 2026" નો શુભારંભ કરાવ્યો
5. હવામાન વિભાગે રાજસ્થાન, દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, હિમાચલ પ્રદેશ, ઓડિશા અને પંજાબના કેટલાક ભાગોમાં ઠંડીની આગાહી કરી
6. વડોદરામાં રમાઇ રહેલી ભારત અને ન્યૂઝિલેન્ડ વચ્ચેની એક દિવસીય મેચમાં ન્યૂઝિલેન્ડે ભારતને 301 રનનો લક્ષ્યાંક આપ્યો

……………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# Prime Minister-Gujarat Summit-RAJKOT

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ આજે જણાવ્યું હતું કે વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે, ભારતમાં અભૂતપૂર્વ સ્થિરતાનું વાતાવરણ છે. રાજકોટમાં કચ્છ અને સૌરાષ્ટ્ર પ્રદેશો માટે બે દિવસીય વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક સમિટના ઉદ્ઘાટન સમારોહમાં શ્રી મોદીએ જણાવ્યું હતું કે ભારત ઝડપથી વિકસિત રાષ્ટ્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે, અને આ લક્ષ્યને પ્રાપ્ત કરવામાં સુધારાઓ મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે ભારત અને સૌરાષ્ટ્ર-કચ્છ ક્ષેત્રમાં રોકાણ કરવાનો આ યોગ્ય સમય છે.

(BYTE- PM MODI ) INVESTMENT

ગુજરાતનો સૌરાષ્ટ્ર-કચ્છ પ્રદેશ ઉત્પાદન, પર્યાવરણને અનુકૂળ વિકાસ અને ગતિશીલતા માટે એક મુખ્ય કેન્દ્ર તરીકે ઉભરી આવ્યો છે. વિશ્વનો સૌથી મોટો 30-ગીગાવોટ સ્વચ્છ ઉર્જા પાર્ક કચ્છમાં વિકસાવવામાં આવી રહ્યો છે.

(BYTE - PM-ON-SAURASHTRA-KUTCH)

પ્રધાનમંત્રીએ વધુમાં કહ્યું કે મોરબી-જામનગર-રાજકોટ ઔદ્યોગિક ક્ષેત્રને તેના વિશાળ કદ, કુશળતા અને વૈશ્વિક જોડાણોને કારણે "મીની જાપાન" તરીકે ઓળખવામાં આવે છે.

આ પરિષદનો ઉદ્દેશ્ય સૌરાષ્ટ્ર અને કચ્છના બાર પશ્ચિમી જિલ્લાઓમાં રોકાણ, નવીનતા અને વિકાસને પ્રોત્સાહન આપવાનો છે. આ પ્રસંગે, પ્રધાનમંત્રીએ સૌરાષ્ટ્રના સાત જિલ્લાઓમાં 13 ગ્રીનફિલ્ડ સ્માર્ટ

ઔદ્યોગિક વસાહતો સ્થાપવાની જાહેરાત કરી હતી. રાજકોટમાં એક વિશિષ્ટ તબીબી ઉપકરણ પાર્કનું ઉદ્ઘાટન કર્યું.

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન મુકેશ અંબાણીએ પ્રધાનમંત્રી મોદીની પ્રશંસા કરતા કહ્યું કે સ્વતંત્ર ભારતના ઇતિહાસમાં દેશ આજે જેટલો આશાવાદી અને ગતિશીલ છે તેટલો ક્યારેય નહોતો.

વેલસ્પન વર્લ્ડના ચેરમેન બાલકૃષ્ણ ગોપીરામ ગોયેન્કાએ જણાવ્યું હતું કે કચ્છ વિશ્વની સૌથી મોટી હોમ ટેક્સટાઇલ કંપનીના કેન્દ્ર તરીકે જાણીતું બનશે. તેમણે ગુજરાતના ચહેરાને બદલવામાં પ્રધાનમંત્રીના પ્રયાસો, દ્રષ્ટિકોણ અને નેતૃત્વની પ્રશંસા કરી.

અમારા સંવાદદાતા અહેવાલ આપે છે કે આ પરિષદ કચ્છ અને સૌરાષ્ટ્ર પ્રદેશો માટે એક મંચ તરીકે સેવા આપે છે, જેમાં મોરબીમાં સિરામિક્સ, રાજકોટમાં એન્જિનિયરિંગ અને દરિયાકાંઠે વ્યાપક બંદર અને લોજિસ્ટિક્સ નેટવર્ક જેવા મુખ્ય ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. બે દિવસીય કાર્યક્રમ દરમિયાન 1 હજાર 500થી વધુ સમજૂતી કરાર પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે.

અગાઉ, શ્રી મોદીએ રાજકોટમાં વાઇબ્રન્ટ ગુજરાત ટ્રેડ એક્ઝિબિશનનું ઉદ્ઘાટન કર્યું. 18 હજાર ચોરસ મીટરના વિશાળ વિસ્તારમાં ફેલાયેલું, આ ભવ્ય પ્રદર્શન વિકાસ અને નવીનતાનું જીવંત પ્રદર્શન છે. કૃષિ, ખાદ્ય પ્રક્રિયા, મત્સ્યઉદ્યોગ અને સંરક્ષણ, તેમજ ઊર્જા, પેટ્રોકેમિકલ્સ અને લોજિસ્ટિક્સ સહિત વિવિધ ક્ષેત્રોમાં તેમની અદ્યતન ક્ષમતાઓ દર્શાવવા માટે 400 થી વધુ પ્રદર્શકો ભાગ લઈ રહ્યા છે.

---------------------

# PM SOMANTH – PUBLIC MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સવારે સોમનાથમાં જાહેર સભાને સંબોધતા નાગરિકોને એકતામાં રહેવા અને દેશને વિભાજીત કરવાનું કાવતરું ઘડનારા તમામ પરિબળોને હરાવવા હાકલ કરી.

(BYTE - PM-CONSPIRING-AGAINST-INDIA)

તેમણે દેશવાસીઓને રાષ્ટ્રના ભૂતકાળ સાથે જોડાયેલા રહીને વિકસિત ભારત બનાવવા માટે ખભે ખભો મિલાવીને આગળ વધવા વિનંતી કરી.

સ્વાભિમાન પર્વને શાશ્વત શ્રદ્ધા અને ભક્તિનું જીવંત પ્રતિબિંબ ગણાવતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે આ તહેવાર ફક્ત ઐતિહાસિક ગૌરવનો ઉત્સવ નથી, પરંતુ આવનારી પેઢીઓ માટે સોમનાથ મંદિરની શાશ્વત યાત્રાને જીવંત રાખવાની એક મહત્વપૂર્ણ તક પણ છે. શ્રી મોદીએ કહ્યું કે ભારતીય સભ્યતા આપણને બીજાઓને હરાવવાનું શીખવતી નથી, પરંતુ સંતુલિત જીવન જીવવાનું શીખવે છે. ગઝનવીથી ઔરંગઝેબ સુધીના વારંવારના આક્રમણો પછી મંદિરના પુનર્નિર્માણની ઐતિહાસિક યાત્રાને યાદ કરતા, શ્રી મોદીએ સમજાવ્યું કે સોમનાથ મંદિરનું વારંવાર પુનર્નિર્માણ કેવી રીતે થયું.

----------

# PM SOMANTH – SHAURYA YATRA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગીર સોમનાથ જિલ્લાના દરિયાકાંઠાના શહેર પ્રભાસ પાટણમાં ઐતિહાસિક સોમનાથ સ્વાભિમાન પર્વમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે, શ્રી મોદીએ એક ભવ્ય "શૌર્ય યાત્રા" નું નેતૃત્વ કર્યું. આ કાર્યક્રમ ૧૦૨૬ માં મહમદ ગઝનવી દ્વારા સોમનાથ મંદિર પર કરવામાં આવેલા પ્રથમ હુમલાની ૧૦૦૦મી વર્ષગાંઠની ઉજવણી માટે યોજાયો હતો. સદીઓથી સોમનાથ મંદિરનું રક્ષણ કરનારા અસંખ્ય યોદ્ધાઓને શ્રદ્ધાંજલિ આપવા માટે ૧૦૮ ઘોડાઓની ઔપચારિક શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

----------

# Metro Railway Station - PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સાંજે  ગાંધીનગરના સચિવાલયથી મહાત્મા મંદિર સુધીના અમદાવાદ - ગાંધીનગર મેટ્રોના ફેઝ – 2 ના વિભાગને લીલીઝંડી આપીને શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિત અનેક મંત્રીઓ અને ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

----------

# PM – TOMORROW PROGRAM

પ્રધાનમંત્રીની ગુજરાતની ત્રિદિવસીય મુલાકાતના અંતિમ દિવસે આવતીકાલે સવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને જર્મનના ચાન્સેલર ફ્રેડરિક મેએત્સ સાથે સાબરમતી આશ્રમની મુલાકાત લેશે. ત્યારબાદ આ બંને નેતાઓ સાબરમતી રિવરફ્રન્ટ પર યોજાનાર આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું ઉદ્ઘાટન કરશે. ત્યારબાદ શ્રી મોદી ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે જર્મનના ચાન્સેલર સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક સંબંધો મજબૂત કરવા માટે અનેક વિષયો પર ચર્ચા-વિચારણા કરશે.

----------

# PM - Book Releases

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે જૈન સંત શ્રીમદ્ વિજયરત્ન સુંદર સુરીશ્વરજી મહારાજનું જ્ઞાન ફક્ત પુસ્તક આધારિત નહોતું, પરંતુ તેમના જીવનમાં પણ પ્રતિબિંબિત થાય છે.

શ્રીમદ્ સુરીશ્વરજી મહારાજના 500મા પુસ્તકના વિમોચન પ્રસંગે પોતાના વિડીયો સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે તેમનું વ્યક્તિત્વ આત્મનિયંત્રણ, સરળતા અને સ્પષ્ટતાનું અદ્ભુત મિશ્રણ છે. તેમના પુસ્તકો બધી માનવ સમસ્યાઓના સરળ અને આધ્યાત્મિક ઉકેલો પ્રદાન કરે છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે આજે, જ્યારે વિશ્વ વિભાજન અને સંઘર્ષના

સમયગાળામાંથી પસાર થઈ રહ્યું છે, ત્યારે આપણે બધાએ "પ્રેમનું વિશ્વ, અને વિશ્વનો પ્રેમ" મંત્ર અપનાવવાની જરૂર છે.

----------

## Amit Shah - Kerala Mission 2026

ગૃહમંત્રી અમિત શાહે આજે કેરળની રાજધાની તિરુવનંતપુરમમાં આગામી વિધાનસભા ચૂંટણી માટે "મિશન 2026" નો શુભારંભ કરાવ્યો. ઉદય પેલેસ કન્વેન્શન સેન્ટર ખાતે સ્થાનિક સંસ્થાઓમાં ચૂંટાયેલા ભાજપના સભ્યોને સંબોધતા તેમણે કહ્યું કે વિકસિત કેરળ માટે રાજ્યમાં ભાજપની સરકાર આવશ્યક છે.

(BYTE – AMIT SHAH) VIKSIT BHARAT

સબરીમાલા સોનાના વિવાદ કેસ અંગે, શ્રી શાહે કહ્યું કે લોકો બે મંત્રીઓને દોષી ઠેરવે છે અને તેથી ન્યાયી તપાસ કરી શકતા નથી. શ્રી શાહે કહ્યું કે આખો દેશ આ બાબતથી ચિંતિત છે કારણ કે જે લોકો સબરીમાલા મિલકતને બચાવી શક્યા નથી તેઓ આપણા વિશ્વાસને પણ બચાવી શકતા નથી.

----------

## WEATHER

હવામાન વિભાગે આજે રાજસ્થાન, દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, હિમાચલ પ્રદેશ, ઓડિશા અને પંજાબના કેટલાક ભાગોમાં ઠંડીની આગાહી કરી છે. બિહારમાં પણ આજે ઠંડીનો અનુભવ થશે. દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, પંજાબ, બિહાર, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, પશ્ચિમ બંગાળના હિમાલયી પ્રદેશો, સિક્કિમ, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડના કેટલાક ભાગોમાં આગામી બે દિવસ ગાઢ ધુમ્મસ રહેશે. તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલના કેટલાક ભાગોમાં આવતીકાલ સુધી વરસાદ અને વાવાઝોડાની આગાહી છે.

----------

## REV CRICKET INDIA NEW ZEALAND

ક્રિકેટમાં ભારત આજે વડોદરામાં ત્રણ મેચની ક્રિકેટ વન-ડે આંતરરાષ્ટ્રીય શ્રેણીની પહેલી મેચમાં ન્યૂઝિલૅન્ડ સામે રમી રહ્યું છે.

ન્યૂઝિલૅન્ડે પહેલા બેટિંગ કરી નિર્ધારિત 50 ઑવરમાં આઠ વિકેટ ગુમાવી 300 રન બનાવ્યા હતા.

હાલમાં મળતાં અહેવાલ મુજબ, શુબમન ગિલના સુકાની હેઠળની ભારતીય ટીમે 30 ઑવરમાં 2 વિકેટ ગુમાવી 172 રન કર્યા છે. અગાઉ ન્યૂ ઝિલૅન્ડના ડેરિલ મિશેલે સૌથી વધુ 84 રન બનાવ્યા હતા. જ્યારે ભારતીય બૉલર મોહમ્મદ સિરાજ, હર્ષિત રાણા અને પ્રસિધ ક્રિષ્નાએ બે-બે અને કુલદીપ યાદવે એક વિકેટ લીધી હતી.

ઉલ્લેખનીય છે કે, આ શ્રેણીમાં વિરાટ કોહલી અને રોહિત શર્મા જેવા અનુભવી ખેલાડીઓ પણ ફરી મેદાનમાં ઉતર્યા છે.

----------

# US attacks in Syria

અમેરિકાએ સીરિયાના વિવિધ ભાગોમાં ઇસ્લામિક સ્ટેટ (ISIS) ના લક્ષ્યો પર જવાબી હુમલા શરૂ કર્યા છે. આ હુમલાઓ ગયા મહિને પાલમિરામાં ISIS દ્વારા કરવામાં આવેલા હુમલાના જવાબમાં કરવામાં આવ્યા હતા, જેમાં બે અમેરિકન સૈનિકો અને એક અમેરિકન નાગરિકનું મોત થયું હતું.

અમેરિકન સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે ગઈકાલે રાત્રે અમેરિકા દ્વારા સાથી દળો સાથે સંકલનમાં મોટા પાયે હુમલાઓ કરવામાં આવ્યા હતા અને ISISના અનેક લક્ષ્યોને નિશાન બનાવવામાં આવ્યા હતા. જોર્ડનની સેનાએ બાદમાં આ હુમલાઓમાં પોતાની ભાગીદારીની જાહેરાત કરી હતી. ટ્રમ્પ વહીવટીતંત્રે આ હુમલાઓને ઓપરેશન હોકઆઈ નામ આપ્યું છે.

----------